ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગરના પત્ર-ક્રમાંક
જીસીઈઆરટી/સી ઍન્ડ ઈ/૨૦૧૪/૨૨૨૨, તા. ૩-૨-૨૦૧૪–થી મંજૂર

**શિક્ષક અને વાલી માટે અલગથી શિક્ષક-આવૃત્તિ તૈયાર કરવામાં આવી છે, જેનો ઉપયોગ અવશ્ય કરશો.**

## પર્યાવરણ

# અમારી આસપાસ

## ધોરણ ૪

### (પ્રથમ સત્ર - દ્વિતીય સત્ર)

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

**રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક**

વિદ્યાર્થીનું નામ : ____________________

શાળાનું નામ : ____________________

વર્ગ : __________ રોલ નંબર : __________


**ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ**
'વિદ્યાયન', સેક્ટર ૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે. આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**લેખન-સંપાદન (SRG)**

શ્રી ભાવેશ પંડ્યા — શ્રી કેતન વ્યાસ
શ્રી જયેશ પટેલ — શ્રી પ્રવીણ પટેલ
શ્રી પ્રણવ વ્યાસ — શ્રી મનન બુદ્ધદેવ
શ્રી ચાંગાભાઈ કાગ — શ્રી અશોક મકવાણા
શ્રી જશુભાઈ પટેલ — શ્રી હરિભાઈ પટેલ
શ્રી કમલેશ ડી. પટેલ — શ્રી પ્રકાશભાઈ શર્મા
શ્રી અરુણા પરમાર — શ્રી ભાવનાબહેન મોદી
શ્રી મીનાક્ષી મહેતા — શ્રી પુષ્પા પરમાર
શ્રી વિવેક ત્રિવેદી — શ્રી પ્રકાશ પરમાર
શ્રી કમલેશ કે. પટેલ

**સમીક્ષા**

ડૉ. આઈ. એમ. ભટ્ટ — ડૉ. બી. કે. જૈન
ડૉ. મયૂર સી. શાહ — શ્રી અરુણભાઈ એચ. ભિન્ડે
શ્રી નિમેષ જે. ભટ્ટ — શ્રી મહિપાલસિંહ સિસોદિયા
શ્રીમતી વૈશાલીબહેન એસ. પટેલ

**ચિત્રાંકન**

સર્જન ગ્રાફિક્સ

**સંયોજન**

શ્રી ચિરાગ એચ. પટેલ
(વિષય-સંયોજક : ભૌતિકવિજ્ઞાન)

**નિર્માણ-આયોજન**

શ્રી સી. ડી. પંડ્યા
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ-આયોજન**

શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

NCF-2005 તેમજ RTE-2009ને ધ્યાનમાં રાખીને દેશમાં પ્રાથમિક શિક્ષણનાં અભ્યાસક્રમ, પાઠ્યક્રમ અને પાઠ્યપુસ્તકો તેમજ સમગ્ર શિક્ષણ-પ્રક્રિયામાં બદલાવ થઈ રહ્યો છે. આ બદલાવ મુખ્યત્વે જે-તે વિષયો તેમજ શિક્ષણ-પ્રક્રિયા સંદર્ભે આપણી સમજ અંગેનો છે. બાળકની સર્જનશીલતા, વિચારશક્તિ, તર્કશક્તિ અને પૃથક્કરણ કરવાની આવડત વિકસે એ આ અભ્યાસક્રમનો મુખ્ય હેતુ છે. આ અભિગમને ધ્યાનમાં રાખીને જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર દ્વારા તૈયાર કરવામાં આવેલ **ધોરણ ૪નું અમારી આસપાસ (પર્યાવરણ)** વિષયનું પ્રસ્તુત પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ સમક્ષ રજૂ કરતાં મંડળ આનંદ અનુભવે છે.

નવા અભ્યાસક્રમ, પાઠ્યક્રમ અને પાઠ્યપુસ્તક-નિર્માણની સમગ્ર પ્રક્રિયામાં IGNUS-erg ટીમના સભ્યોએ સતત માર્ગદર્શન આપતા રહીને સ્ટેટ રિસોર્સ ગ્રૂપના સભ્યોને સજ્જ બનાવ્યા છે. UNICEFનો સહયોગ પણ આ આખી પ્રક્રિયા દરમિયાન મળ્યો છે. જે-તે વિષયના કોર ગ્રૂપના સભ્યોએ પણ વખતોવખત સહયોગ આપ્યો છે.

આ પાઠ્યપુસ્તકનો સમગ્ર રાજ્યમાં અમલ કરતાં અગાઉ પસંદગીની શાળાઓમાં ત્રણ વર્ષ માટે અજમાયશી ધોરણે મૂકવામાં આવેલ હતું. તે દરમિયાન વિદ્યાર્થીઓને વર્ગમાં શીખવાડતી વખતે જે-જે અનુભવો થયા તેનાં વ્યાપક તારણો, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા પ્રાપ્ત કરવામાં આવ્યા અને તે મુજબ સુધારા-વધારા કરવામાં આવ્યા છે.

આ પાઠ્યપુસ્તકના સમગ્ર રાજ્યવ્યાપી અમલ પૂર્વે પાઠ્યપુસ્તક મંડળ દ્વારા આમંત્રિત વિષય-નિષ્ણાતો અને પાઠ્યપુસ્તક તૈયાર કરનાર જી.સી.ઈ.આર.ટી.ના નિષ્ણાતોની સંયુક્ત બેઠક બોલાવીને તેઓનાં સૂચનોને ધ્યાનમાં લઈને આ પાઠ્યપુસ્તકને અંતિમ સ્વરૂપ આપવામાં આવેલ છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને ગુણવત્તાયુક્ત તથા બાળભોગ્ય બનાવવા માટે પૂરતી જહેમત ઉઠાવી છે. તેના ચતુરંગી સ્વરૂપ દ્વારા બાળકો હોંશે હોંશે તેનો ઉપયોગ કરે એવું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

આ પાઠ્યપુસ્તકને ક્ષતિરહિત બનાવવા માટે પૂરતા પ્રયત્નો કર્યા છે, તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી સૂચનો આવકાર્ય છે.

| એમ. ટી. શાહ | ડૉ. ભરત પંડિત | ડૉ. નીતિન પેથાણી |
|---|---|---|
| નિયામક | નિયામક | કાર્યવાહક પ્રમુખ |
| (જી.સી.ઈ.આર.ટી.) | (પાઠ્યપુસ્તક મંડળ) | (પાઠ્યપુસ્તક મંડળ) |

તા. ૩૧-૧-૨૦૧૪ — ગાંધીનગર

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૪

**પ્રકાશક** : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર ૧૦-એ, ગાંધીનગર વતી ભરત પંડિત, નિયામક

**મુદ્રક** :

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાનબંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની.

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ ૬ વર્ષથી ૧૪ વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

*ભારતનું સંવિધાન : કલમ ૫૧-क

# અનુક્રમણિકા


| ક્રમ | પ્રકરણનું નામ | પૃષ્ઠનંબર |
|---|---|---|
| | **(પ્રથમ સત્ર)** | |
| ૧. | જો.... જો.... ધ્યાન રાખજો | ૧ |
| ૨. | ખાધા વિના ન જ ચાલે | ૭ |
| ૩. | લીલીછમ દુનિયા | ૧૪ |
| • | કેટલું શીખ્યા ?–૧ | ૨૧ |
| ૪. | મારો તાલુકો ... | ૨૫ |
| ૫. | અજબગજબની દુનિયા | ૩૩ |
| ૬. | ગબુનું સપનું | ૪૨ |
| • | કેટલું શીખ્યા ?–૨ | ૪૭ |
| | **(દ્વિતીય સત્ર)** | |
| ૭. | નકશો | ૫૨ |
| ૮. | આપણું રાજ, આપણી સરકાર | ૫૯ |
| ૯. | દેશપ્રેમ | ૬૩ |
| • | કેટલું શીખ્યા ?–૩ | ૬૯ |
| ૧૦. | તરતું-ડૂબતું | ૭૧ |
| ૧૧. | પાચન-અંગો | ૮૦ |
| ૧૨. | ખાદ્ય-ઉત્પાદકો | ૮૪ |
| ૧૩. | મારી શાળા | ૯૩ |
| • | કેટલું શીખ્યા ?–૪ | ૯૮ |

# સંકેત-પરિચય

૧.  રંગ પૂરો :



૨.  વાર્તા :



૩. વિચારો અને કહો :

| | | | |
|---|---|---|---|
| ● | તમારો ખાસ મિત્ર કોણ છે ? | ● | તમારા ઘરથી નજીકમાં ક્યા મિત્રો રહે છે ? |
| ● | તમને ઘરે કોણ ભણાવે છે ? | ● | તમારા ક્યા મિત્રનું વજન તમારાથી વધુ છે ? |

૪. મેદાનની રમત :



૫. ગીત : આ સંકેત ગીત ગવડાવવા માટેનો છે.

૬.  ચર્ચા :




૭.  અભિનય :



૮.  વર્ગખંડની રમત :




૯. વાચન :




૧૦. અવલોકન :

| ક્રમ | વસ્તુનું નામ | ઉપયોગ | | શું ઉપયોગમાં આવે છે ? |
|---|---|---|---|---|
| | | હા | ના | |
| ૧. | ટેબલ | | | |
| ૨. | | | | |

૧૧. કોયડો :



૧૨. પ્રવૃત્તિ :



૧૩. લખો :

જૂનું છાપું મેળવી નીચેની નોંધ કરો :

| ગામ કે શહેરનાં નામ | ત્રણ અક્ષરના શબ્દો |
|---|---|
| | |
| | |
| | |
| | |

લખો :

| ફોટાની વિગત નોંધો |
| --- |
| |
| |
| |
| |
| |

૧૪. પ્રોજેક્ટ :



૧

# જો... જો... ધ્યાન રાખજો

## જુઓ અને લખો :




- બે વાહન અથડાવાથી શું થયું ?

- વ્યક્તિઓને શું નુકસાન થયું ?

- વસ્તુઓને શું નુકસાન થયું ?

- વાહનોને શું નુકસાન થયું ?

લખો :

આવું કેમ થયું હશે ?



- છોકરી શાક સમારતાં બેધ્યાન થઈ હશે.
- ખૂબ જ ઝડપથી શાક સમારતી હશે.
- શાક સમારતી વખતે તેને કોઈનો પાછળથી ધક્કો લાગ્યો હશે.





## વાચન:

આપણે જોઈએ છીએ કે નાની ભૂલથી પણ મોટું નુકસાન થાય છે. ઉતાવળ કરવાથી ક્યારેક નાનો, મોટો કે ગંભીર અકસ્માત થાય છે. આ અકસ્માતમાં ઈજા થવી કે મૃત્યુ પામવાના બનાવો પણ બને છે.

આપણે વિવિધ અકસ્માતનાં ચિત્રો જોયાં. ક્યારેક નાની ઈજાઓની સારવાર આપણે ઘરે લઈએ છીએ. જેમકે વાગ્યું હોય, છોલાયું હોય, સામાન્ય દાઝ્યા હોય કે નસકોરી ફૂટી હોય. ક્યારેક અકસ્માત થાય ત્યારે દવાખાને પહોંચતાં પહેલાં જો વ્યક્તિને થોડીક સારવાર આપવામાં આવે, તો આવી સારવારથી વ્યક્તિ બચી પણ શકે, તેને પ્રાથમિક સારવાર કહેવાય.

## વિચારો અને લખો :

- શાળામાં રમત રમતાં ધ્રુવને પગે છોલાયું, હવે શું સારવાર કરાય ?

______________________________

______________________________

______________________________

______________________________

## વાચન :



- ઘામાંથી લોહી નીકળતું હોય, ત્યાં હાથ, રૂ કે રૂમાલ દાબી શકાય.
- ઘા ઉપર ધૂળ કે પાણી નાખવાથી નુકસાન થાય છે.
- પ્રાથમિક સારવાર-પેટીની દવાનો ઉપયોગ કરી પાટો બાંધવો.

લખો :



- રોડ ઉપર દોડાદોડ ન કરવી.
- 
- 
- 
- 



- 
- 
- 
- 
- 



- 
- 
- 
- 
- 

## વિચારો અને કહો :

- તમે તમારી શાળાના મેદાનમાં રમી રહ્યા છો. અચાનક રાજુને નસકોરી ફૂટે છે. આ સંજોગોમાં તમે કેવાં પગલાં લેશો અને કેવી સારવાર આપશો ?
- તમારી શાળામાં સ્મિતને ઠેસ વાગે છે. તેના પગમાંથી લોહી નીકળે છે. હવે તમે શું કરશો ?

## લખો :

તમે જોયેલા અકસ્માત વિશે લખો :

| કેવો અકસ્માત થયો ? | કોને અકસ્માત થયો ? | શું સારવાર મેળવી ? |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

**અવલોકન :** **ચર્ચા :**



**લખો :**

| | |
|---|---|
|  | જમણી તરફ વળવું. |
|  | |
|  | |
|  | |
|  | |

# ૨

# ખાધા વિના ન જ ચાલે

### જુઓ અને લખો :



| ક્રમ | વારનું નામ | શું જમ્યા ? | શેમાંથી બને છે ? |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

- ગઈ કાલે તમે શું જમ્યા હતા ? ______________________
- તમને શું-શું ભાવે છે ? ______________________

### વિચારો અને કહો :

- તમારા મિત્રો રોજ એકસરખો ખોરાક લે છે ?
- ખોરાકમાં વિવિધતા ન હોય તો શું થાય ?

### વાર્તા :

#### બટાકિયાભાઈના બટાકા !

એક હતા બટાકિયાભાઈ. તેને તો બસ બટાકા જ ભાવે. સવારે નાસ્તામાં બટાકાની વેફર, બપોરે ફરી પાછો નાસ્તો, તેમાં પણ મસાલાવાળા બટાકા, સાંજે બટાકાની સૂકીભાજી.

બસ જ્યારે પણ ભૂખ લાગે કે બટાકિયાભાઈ બટાકામાંથી બનેલી વાનગી ખાય.

**મમ્મી** : બેટા, રીંગણાંનું શાક છે. તું ખાઈશ ?

**બટાકિયો** : 'ના, મને ન ભાવે.'

**મમ્મી** : 'દાળ-ભાત ભાવશે ?'

**બટાકિયો** : 'ના, એ પણ નહીં ભાવે.'

**મમ્મી** : 'દૂધ-રોટલી ખાઈશ ?'

**બટાકિયો** : 'ના.... ના.... ના....મને તો બટાકા જ ભાવે.'

બટાકિયાભાઈ કોઈની વાત ન માને. બસ, બટાકા જ ખાધા કરે. એક દિવસ એ બીમાર પડ્યા. ઘરે ડૉક્ટર આવ્યા. કડવી-કડવી દવા આપી. ઇંજેક્શન પણ આપ્યું. બટાકિયાભાઈ તો રડવા લાગ્યા.

**ડૉક્ટર** : આનું શરીર પણ બટાકા જેવું ફિક્કું થઈ ગયું છે. તમે બટાકિયાભાઈને શું જમવાનું આપો છો ?

**મમ્મી** : 'સાહેબ, તે તો માત્ર બટાકા જ ખાય છે.'

**ડૉક્ટર** : 'માત્ર બટાકાથી શરીરને પોષણ ન મળે. હવે પછી તેને દૂધ, રોટલી, દાળ-ભાત, શાકભાજી, કઠોળ વગેરે પણ ખોરાકમાં આપજો.'

**મમ્મી** : 'પણ સાહેબ, તે બટાકા સિવાય કંઈ જમતો નથી.'

**ડૉક્ટર** : 'તો પછી, માત્ર દવાથી સારું નહીં થાય.'

**મમ્મી** : હવે શું થશે સાહેબ ?




**વિચારો અને કહો :**

- બટાકિયાભાઈ કેમ બીમાર પડ્યા હશે ?
- ડૉક્ટરે બટાકિયાભાઈને શું કહ્યું ?
- તમે એક જ પ્રકારનો ખોરાક વધુ ખાઓ છો ?
- તમને ક્યારેય બટાકિયાભાઈ જેવું થયું છે ?
- તમારા ઘરમાં રોજ શું-શું જમવાનું બને છે ?

**ચાલો યાદ રાખીએ :** ખોરાકથી આપણા શરીરને પોષણ મળે, વિવિધ ખોરાકમાં અલગ-અલગ પોષકતત્ત્વો હોય છે. સારી તંદુરસ્તી માટે બધા પ્રકારનો ખોરાક જરૂરી છે.

## વિચારો અને કહો :

- બટાકિયાભાઈએ શું-શું ખાવું જોઈએ ?
- ડૉક્ટરે એક યાદી બનાવી. બટાકિયાભાઈનાં મમ્મીને આપી. ચાલો, આપણે યાદી જોઈએ.

| | | | | |
|---|---|---|---|---|
|  |  સાકર |  ગોળ |  લીંબુ-શરબત | |
| |  ભાત |  રોટલી |  કંદમૂળ | |
| શક્તિ આપે છે. |  મગફળી |  માખણ |  તાજી છાશ | |
|  શરીરનો વિકાસ કરે છે. |  દૂધ |  દહીં |  માછલી |  કઠોળ |
|  રોગથી દૂર રાખે છે. |  લીલી ભાજી |  શાકભાજી |  ફળ | |

## અવલોકન :




## વિચારો અને કહો :

- તમે દરેક પ્રકારનો ખોરાક ખાઓ છો ?
- જો ના, તો કેમ ? શા માટે ?

## ખરું કહેવાય :

- પૂરતું પોષણ મળે તેવા ખોરાકને સમતોલ આહાર કહેવાય.
- પૂરતો પોષણયુક્ત ખોરાક મેળવવો એ દરેક બાળકનો અધિકાર છે.

## લખો :

### અવલોકનના આધારે લખો :

- આપણે ખોરાકમાં વિવિધ સામગ્રી લઈએ છીએ.
- 
- 
- 
- 

## લખો :

| શાકભાજી | ફળ |
|---|---|
| • | • સફરજન |
| • રીંગણ | • |
| • | • |
| • | • |
| • | • |
| • | • |

## પૂછો અને લખો :

તમારો રોજિંદો આહાર અને તે કયા અનાજમાંથી બને છે, તેની નોંધ કરો :

| આહાર | અનાજનું નામ |
|---|---|
| રોટલી | |
| રોટલો | |
| | |
| | |
| | |
| | |

## પ્રવૃત્તિ :

તમારા ઘરે અનાજ અથવા કઠોળ હશે. દરેકના પાંચ-પાંચ દાણા લાવો. વર્ગમાં તેની ઓળખ આપો. અન્ય મિત્રો શું-શું લાવ્યા ? યાદી બનાવો.


| અનાજનાં નામ | કઠોળનાં નામ |
|---|---|
| • ______ | • ______ |
| • ______ | • ______ |
| • ______ | • ______ |
| • ______ | • ______ |
| • ______ | • ______ |
| • ______ | • ______ |

## ખરું કહેવાય :

- ભોજન બનાવતાં પહેલાં શાકભાજી સારી રીતે ધોવાથી, અનાજ સાફ કરવાથી રોગ થતા નથી.
- પશુ-પક્ષી ભૂખ વગર જમતાં નથી.
- જમતાં પહેલાં હાથ-પગ અને મોં સાબુથી ધોવાં. આમ કરવાથી તંદુરસ્તી જળવાય છે.

## ચર્ચા :

- ભોજન માટે ખોરાક રંધાતો તમે જોયો છે ?
- કઈ-કઈ રીતે ખોરાક રાંધી શકાય ?
- કાચો ખોરાક ખાઈએ, તો શું થાય ?
- કઈ-કઈ વસ્તુઓ કાચી ખાઈ શકાય છે ?
- શેકીને ખાઈ શકાતી હોય, તેવી વસ્તુઓ કઈ-કઈ છે ?



## વિચારો અને લખો :

| વાનગી | શેકવું | બાફવું | તળવું |
|---|---|---|---|
| રોટલી/રોટલો | | | |
| પૂરી/ભજિયાં | | | ✓ |
| ખીચડી | | | |
| ભાખરી | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

## વાચન :

- શુદ્ધ સાત્ત્વિક ખોરાક ખાઈએ.
- ખૂબ ચાવીને ખાઈએ.
- સમયસર જમીએ.
- પ્રમાણસર જમીએ.
- પૂરતા પ્રમાણમાં પાણી પીવું જોઈએ.

3

# લીલીછમ દુનિયા

રંગ પૂરો :

ઝાડનું ચિત્ર દોરો અને રંગ પૂરો :

## વિચારો અને લખો :

| તમને ગમતાં શાકભાજી કે ફળનાં નામ ઉમેરો |  વૃક્ષ |  છોડ |  વેલા |
|---|---|---|---|
| મરચું | | | |
| કેરી | ✓ | | |
| દૂધી | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

## વાંચો અને વિચારો :

- જે વનસ્પતિ નાની હોય અને ઉંમર ઓછી હોય, તેને છોડ કહે છે.
- જે વનસ્પતિ ખૂબ મોટી થાય અને ઉંમર વધારે હોય, તેને વૃક્ષ કે ઝાડ કહે છે.
- જે વનસ્પતિ જમીન પર પથરાય કે બીજાના ટેકે ઊભી થાય, તેને વેલા કહે છે.


## પ્રવૃત્તિ :

વિવિધ પાન છાપો :

## અવલોકન :

| વનસ્પતિના પ્રકાર | તમારા વિસ્તારમાં થતી હોય તેવી વનસ્પતિનાં નામ | | |
|---|---|---|---|
| વૃક્ષ | | | |
| છોડ | | | |
| વેલા | | | |

## લખો :



લખો :



ફળ આપે છે.

પ્રાણીઓના ખોરાક તરીકે



શોભા માટે

પ્રાણીઓના ખોરાક તરીકે

પ્રવૃત્તિ :

પર્ણપોથી    વૃક્ષપોથી

પ્રૉજેક્ટ :    ચર્ચા :

- વિવિધ ઉપયોગ-નોંધો :

| વૃક્ષ | ઉપયોગ | | | | |
|---|---|---|---|---|---|
| નામ | ફળનો ઉપયોગ | પાનનો ઉપયોગ | થડનો ઉપયોગ | બીજનો ઉપયોગ | ફૂલનો ઉપયોગ |
| આંબો | ખાવા માટે | તોરણ બનાવવા | બળતણ | ગોટલી | * |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| છોડ | ઉપયોગ | | | | |
| મરચી | ખોરાકમાં | * | બળતણ | મસાલા | * |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| વેલા | ઉપયોગ | | | | |
| દૂધીનો વેલો | શાક બનાવવા | પ્રાણીઓનો ખોરાક | * | માથામાં નાખવાનું તેલ | * |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

## લખો :

- વનસ્પતિના ઉપયોગોની નોંધ કરો.
  - ______________________________
  - ______________________________
  - ______________________________
  - ______________________________
  - ______________________________
  - ______________________________
  - ______________________________

### અવનવું

- ઍન્ટાર્કૃટિકાને બાદ કરતાં મકાઈ દુનિયાના બધા દેશોમાં પાકે છે.
- ભારતમાં સૌથી વધુ જંગલો મધ્યપ્રદેશમાં આવેલાં છે.
- ગુજરાતમાં અંદાજે ૧૮૮ લાખ હૅક્ટરથી વધુ જમીન પર કૃષિવાવેતર કરવામાં આવે છે.
- દક્ષિણ ગુજરાતમાં નર્મદાકિનારે આવેલ કબીરવડ નામનું વૃક્ષ એટલું વિશાળ છે કે તેનું મુખ્ય થડ કયું છે, તે આપણને મળી શકે તેમ નથી.

# કેટલું શીખ્યા ? - ૧

ચર્ચા :

લખો :


| નવરાત્રી | દિવાળી | ઈદ | નાતાલ | ઉત્તરાયણ |
|---|---|---|---|---|
| રાસ-ગરબા | | | | તલસાંકળી |
| | | નમાઝ | | |
| | ફટાકડા | | | |
| | | | ક્રિસમસ ટ્રી | |

પ્રવૃત્તિ :

- માટીમાંથી ઘર બનાવો.
- લાકડાંની સળીઓથી ઘર બનાવો.
- માચીસનાં ખોખામાંથી તમને આવડતી વસ્તુ બનાવો.

અવલોકન :

- પડછાયો દોરો :



## કોયડો :

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| બિ | લા | ડી | ગ | થે | દ | રી | બ | બ | રા |
| ત | ક | શો | અ | કા | ચ | બો | ગ | ત | ન |
| વા | તી | ડ | ન | ર | જ | તા | મે | ક | કુ |
| દ | મી | ક | ની | દે | નિ | ભિ | મુ | રા | ત |
| ટી | શા | કુ | ન | સુ | અ | ચ | ક | લી | રો |
| પ | પો | ત | સ | મ | ડી | વ | મા | તિ | પ્ર |
| જા | પ | વા | ષ | જ | લે | શુ | ચ | મો | ર |
| ર | ટ | યુ | ર | બ | ઈ | લુ | શા | ર | જી |
| સી | પિ | સૂ | વે | ક | મ | ગ | ર | નુ | આ |
| સ | સ | લુ | જ | રી | કી | ચ | મી | વા | બ |

બિલાડી

## રંગ પૂરો :



## લખો :

| વૃક્ષ | છોડ | વેલા |
|---|---|---|
| આંબો | | |
| | | દ્રાક્ષ |
| | બારમાસી | |
| | | |

## અવલોકન :

- પાઠ ૧થી ૩માં કરેલાં અવલોકનોની ચર્ચા કરો.

## રંગ પૂરો :

- સાચાં વિધાન સામે ✱ અને ખોટાં વિધાન સામે ✱

  - આંબો છોડ છે. ☆
  - ગુલાબ, જાસુદ ફળ છે. ☆
  - ભીના હાથે વીજળીની સ્વિચને અડકવું નહીં. ☆
  - કારેલાં, તૂરિયાંના વેલા હોય છે. ☆
  - અકસ્માત પછી પ્રાથમિક સારવાર ન અપાય. ☆

### અવનવું

- અમેરિકામાં ન્યૂજર્સીના એક વિસ્તારમાં સાંજે છ વાગ્યા પછી ડૉક્ટરની ચિઠ્ઠી ન હોય, તો તમે આઈસક્રીમ ખરીદી શકતા નથી, તેવો ત્યાંનો કાયદો છે.
- રાષ્ટ્રગીત ગવાતું હોય, ત્યારે હલનચલન કરવું એ રાષ્ટ્રગીતનું અપમાન છે.
- અમેરિકામાં નક્કી કરેલી ગતિથી ધીમે ગાડી ચલાવવી એ પણ ગુનો બને છે.
- સ્વિટ્ઝર્લૅન્ડમાં તમારી મોટરકારનો દરવાજો ધડામ કરીને બંધ કરો, તો તે ગુનો બને છે.

❑

૪

# મારો તાલુકો...

બાલદોસ્તો,

તમે વિવિધ પ્રકારના નકશા જોયા હશે. નકશા આપણને વિવિધ માહિતી અને જાણકારી સરળતાથી આપે છે. ગામ, તાલુકો, જિલ્લો, રાજ્ય અને દેશ-દુનિયાના નકશાઓ હોય છે. તમારી શાળામાં પણ વિવિધ નકશા હશે. તમારા તાલુકાનો નકશો મેળવી તેનો અભ્યાસ કરો.

## જુઓ અને લખો :


| આસપાસ આવેલાં ગામનાં નામ | તાલુકામાં આવેલાં મોટાં ગામનાં નામ | તાલુકાની આસપાસ આવેલા તાલુકાનાં નામ |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

## વિચારીને કહો :

- નકશામાં છે તે પૈકી કયાં-કયાં ગામ તમે જોયેલાં છે ?
- તમારા તાલુકામાં શું-શું જોવાલાયક છે ?
- તમારા તાલુકામાં કયાં-કયાં યાત્રાધામ આવેલાં છે ?
- તમારા તાલુકામાં મેળા કયાં-કયાં ભરાય છે ?

અવલોકન :

લખો :



- 
- 

ખરું કહેવાય :

- ગુજરાત રાજ્યના સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ ખાતે ભરાતો તરણેતરનો મેળો આખી દુનિયામાં પ્રસિદ્ધ છે.

વિચારો અને કહો :

- તમે કયા-કયા મેળા જોયા છે ?
- મેળામાં શું-શું જોવા મળે છે ?
- મેળામાં તમને શું ગમે છે ?
- મેળા ક્યારે ક્યારે ભરાય છે ?
- તમે ચકડોળમાં બેસો છો ત્યારે કેવું લાગે છે ?

લખો :

'આપણો જિલ્લો' પુસ્તકમાંથી નીચેની વિગતો લખો :

- તાલુકાના મેળા :

| મેળો ક્યાં ભરાય છે ? | મેળો ક્યારે ભરાય છે ? | મેળો શા માટે ભરાય છે ? |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |

- તાલુકાનાં યાત્રાધામો :

| સ્થળનું નામ | ક્યાં આવેલું છે ? | શાનું યાત્રાધામ છે ? |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |


- તાલુકાનાં ઐતિહાસિક સ્થળો :

| સ્થળનું નામ | ક્યાં આવેલું છે ? | સ્થળની વિશેષતા |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |

## વિચારો અને કહો :

- તમારા તાલુકાના ક્યા યાત્રાધામે સૌથી વધુ યાત્રાળુઓ આવે છે ?
- ઐતિહાસિક સ્થળોને શા માટે સાચવવાં જોઈએ ?

### હર્ષની વાત :




અહીં હર્ષના ગામની આસપાસનો નકશો આપેલ છે. હર્ષ જેપુરમાં રહે છે. અહીંથી લોટેશ્વર જવાય છે. અહીં પૌરાણિક મંદિર છે. જેપુરથી વરાણા જવાય છે. વરાણામાં માતાજીનું મંદિર છે. જેપુર પાસે રવદ ગામ છે. અહીં મોટું તળાવ આવેલું છે.

## રંગ પૂરો :

તમારા ગામની આસપાસનું રેખાચિત્ર બનાવો :

**અવલોકન :** **લખો :**


દિવાળી

















**ચર્ચા :**

- આ તહેવારોમાંથી તમે ક્યા-ક્યા તહેવારો ઊજવો છો ?
- ક્યા-ક્યા તહેવારો રાષ્ટ્રીય તહેવારો છે ? કેમ ?
- ગુજરાતમાં સૌથી લાંબો ચાલતો તહેવાર કયો છે ?
- ક્યા-ક્યા તહેવારો વ્યવસાય-ધંધા સાથે સંકળાયેલા હોય છે ?
- તમને કયો તહેવાર વધુ ગમે છે ? કેમ ?

**લખો :** ગમતા તહેવારો વિશે લખો :

**લખો :**


| સમુદાયનું નામ | ખોરાક | પોશાક | રહેઠાણ | વ્યવસાય |
|---|---|---|---|---|
| ભરવાડ | રોટલો, દૂધ, શાક | કેડિયું, ધોતી, પાઘડી | કાચું મકાન | પશુપાલન |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

## ચર્ચા કરો :

- વ્યક્તિના જીવન પર વ્યવસાયની અસર કેવી રીતે પડે છે ?
- જુદા-જુદા સમાજના રિવાજમાં શું વિવિધતા જોવા મળે છે ?
- કઈ-કઈ બાબતોની અસર લોકોના ખોરાક પર પડે છે ?

## ઓળખી ✓ કરો :

નીચેનાં ચિત્રો જુઓ. તમારા તાલુકામાં જોવા મળતાં રહેઠાણ ઓળખો. ચિત્ર નીચે આપેલ ☐ માં ✓ કરો :









## ચર્ચા કરો :

- રહેઠાણ ન હોય, તો કેવી અગવડ પડે ?
- આસપાસનાં મકાનોમાં શું ખાસિયત છે ?
- તમારા તાલુકામાં કેવા પ્રકારનાં રહેઠાણ વધુ જોવા મળે છે ?
- રહેઠાણની બનાવટ પર વ્યક્તિના વ્યવસાયની અસર પડે છે ?

## લખો :

| બે અક્ષરનાં ગામ | ત્રણ અક્ષરનાં ગામ | ચાર અક્ષરનાં ગામ |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

❑

# ૫

# અજબગજબની દુનિયા

અવલોકન :



લખો :

અવલોકનના આધારે લખો :

| | | |
|---|---|---|
| • ______ | • ______ | • ______ |
| • ______ | • ______ | • ______ |
| • ______ | • ______ | • ______ |
| • ______ | • ______ | • ______ |

### લખો :

કોને-કોને શિંગડાં છે ?
ચાંચ કોને-કોને છે ?
બે પગ કોને-કોને છે ?
ચાર પગ કોને-કોને છે ?
કોના કાન દેખાય છે ?


### વાચન :

પશુ-પક્ષીઓમાં અમુક બાબતો સરખી છે. જેમકે બધાં જ પક્ષીઓને ચાંચ હોય છે. પશુઓને ચાર પગ હોય છે. આ સરખી બાબતો તેમનામાં રહેલી સમાનતા છે, જ્યારે અમુક બાબતો અલગ-અલગ છે. આ તેમનામાં રહેલી વિવિધતા છે. આપણી આસપાસમાં રહેતાં આવાં અન્ય પશુ-પક્ષીઓની નોંધ તૈયાર કરીએ.

### અવલોકન :

| પશુ/પક્ષીનું નામ | શરીરનો રંગ | શિંગડાં છે/નથી | કાન બહાર દેખાય છે. હા/ના | પૂંછડી | | પંજો | | ખોરાક | અવાજ | રહેઠાણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ટૂંકી | લાંબી | ખરી | નહોર | | | |
| ચકલી | બદામી | નથી | ના | | ✓ | | ✓ | દાણા | ચીં...ચીં | માળો |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |

**અવલોકન :** **ચર્ચા :**



**વાચન :**

અરે વાહ ! કેવી મજા પડી ! આમ જુઓ તો બધાં પશુઓ સરખાં છતાં તેમનામાં કેટલી વિવિધતા ! પક્ષીઓમાં પણ આવી જ સમાનતા અને વિવિધતા જોવા મળે છે. જરા વિચારો આ બધાં જ પશુ-પક્ષીનાં રંગ-રૂપ, અવાજ, કદ એકસરખાં હોય તો ? પશુ-પક્ષીઓમાં રહેલી વિવિધતાથી જ તે આકર્ષક લાગે છે. અલગ-અલગ પશુ-પક્ષીનાં અંગો ભેગાં કરી બનાવેલાં આ ચિત્રો જુઓ.

**અવલોકન :** **લખો :**



| | | |
|---|---|---|
| કૂકડાનું માથું | | |
| ઊંટનું ધડ | | |

## અવલોકન :

## લખો :

|  |  |  |
|---|---|---|

| | | |
|---|---|---|
| | કૂકડાનું માથું | |
| | | |


## વિચારો અને કહો :

## રંગ પૂરો :

- પશુમાં શું વિશેષતા હોય છે ?
- પક્ષીમાં શું વિશેષતા હોય છે ?
- પશુ-પક્ષીમાં શું વિવિધતા હોય છે ?
- અહીં બાજુમાં મનપસંદ પશુનું ચિત્ર દોરી રંગ પૂરો.

પંખીઓમાં ઘણી સમાનતા જોવા મળે છે. જેમ કે દરેક પંખીને ચાંચ અને પાંખ હોય છે, તેમજ કાનની જગ્યાએ છિદ્ર હોય છે.

## અવલોકન :



## વિચારો અને કહો :

- ચાંચમાં શું વિવિધતા છે ?
- પક્ષી ચાંચનો શું ઉપયોગ કરે છે ?
- પક્ષીના પંજામાં શું વિવિધતા છે ?
- પક્ષીઓ પંજાનો શું ઉપયોગ કરે છે ?
- દરેક પક્ષીના પંજાનો આકાર અલગ શા માટે હશે ?
- અહીં બાજુમાં મનપસંદ પક્ષીનું ચિત્ર દોરી રંગ પૂરો.

## રંગ પૂરો :


## લખો :

ચાંચનો ઉપયોગ : • ______________________________

પંજાનો ઉપયોગ : • ______________________________

પશુઓમાં ઘણી સમાનતા જોવા મળે છે. જેમકે દરેક પશુને દાંત, ચાર પગ અને બહાર દેખાય તેવા કાન હોય છે. આમ છતાં તેમનામાં વિવિધતા પણ છે.

## જુઓ અને સમજો :



આપણે ચિત્રમાં જે પશુઓને જોયાં. તેમનાં દાંત, પગના પંજા તથા અન્ય અંગોમાં વિવિધતા રહેલી છે.

## વિચારો અને કહો :

- પશુઓ દાંતનો શું ઉપયોગ કરે છે ?
- દરેક પશુના દાંતનું કદ, આકાર અલગ શા માટે હોય છે ?
- બધા પશુઓના દાંત સરખા હોય, તો શું થાય ?
- પશુઓના પંજામાં શું વિવિધતા છે ?
- પશુઓ પંજાનો શું ઉપયોગ કરે છે ?
- દરેક પશુના પંજાનો આકાર અલગ શા માટે હોય છે ?
- દરેક પશુના પંજા સરખા હોય, તો શું થાય ?

## વિચારો અને લખો :

મોંઢાનો ઉપયોગ : • ______________________

પંજાનો ઉપયોગ : • ______________________

## ખરું કહેવાય :

**પશુઓના દાંત અલગ-અલગ કદ-આકારના હોય છે અને તેનો અલગ-અલગ ઉપયોગ કરે છે. પશુઓના દાંતનો મુખ્ય ઉપયોગ ખોરાક ચાવવા માટેનો છે.**

## વિચારો અને કહો :

- વિવિધ પશુ-પક્ષી કયો ખોરાક લે છે ?
- ખોરાક મેળવવા પશુ-પક્ષીઓ શું-શું કરે છે ?
- પશુ-પક્ષીઓની ખોરાક ખાવાની ટેવો કેવી હોય છે ?
- વિવિધ પશુ-પક્ષી કઈ રીતે ખાય છે ?

ચર્ચા :

વિચારો અને લખો :

| | |
|---|---|
| ● ખોરાક વાગોળે છે... | ● દાણા ચણે છે... |
| ● ચીરીને ખાય છે... | ● કોતરે છે... |
| ● ખોરાક ગળી જાય છે... | |

આપણા જીવનમાં પશુ-પક્ષીઓનું વિશિષ્ટ સ્થાન છે. આ પશુ-પક્ષીઓ આપણને કઈ રીતે ઉપયોગી છે તે વિશે જાણીએ.

## વિચારો અને લખો :

- નીચે પશુઓનાં ચિત્રો આપ્યાં છે. તેમના ઉપયોગ લખો :







## વાચન :

આપણે પશુ-પક્ષીઓને ઓળખ્યાં. તેમનામાં રહેલી સમાનતા અને વિવિધતા, ઉપયોગ અને તેમના ખોરાક વગેરે વિશે જાણ્યું. આ પક્ષી અને પશુ આપણાં સાથી છે. તે આપણને સીધા કે આડકતરી રીતે ખૂબ ઉપયોગી છે. તેના વિશે વધુ વિગતોની જાણકારી મેળવો..

## વિચારો અને લખો :

- પશુ-પક્ષી ન હોય તો ?

- પશુ-પક્ષીનું કેવી રીતે જતન કરી શકાય ?

## પ્રવૃત્તિ :

શિક્ષકની મદદથી પપેટ બનાવો અને પપેટ શૉ રજૂ કરો.

૬

# ગબુનું સપનું

ગીત :

## સપનાની વાત

સાંભળો સૌ સપનાની વાત, વચ્ચે બોલે તેને કાગડો મારે લાત.
રાત પડી ને આવી પરી, હાથમાં ચૉકલેટની થેલી ભરી.
ગબુને પરીએ આપી ચૉકલેટ, ગબુ તેનાથી ભરે છે પેટ.
ગબુ સાથે પરી ફરવા જાય, આકાશમાં ઠંડી હવા લહેરાય.
રાતે ગબુને તારા મળે, ગબુની વાતોમાં તારા ભળે.
ચાંદામામા દૂરથી દેખાય, ગબુ મામાને જોઈ તુરંત હસી જાય.
ચાંદામામા ગબુને મળવા આવે, ટમટમતા તારલાની સાડી લાવે.
ગબુને ચાંદામામા પાછી મૂકે, ગબુ તો જોરથી રાગડો ભૂંકે.
મામા કહે : 'હવે સૂરજનો વારો, કાલ રાતે ફરી હું સાથી તારો.'

### કોયડો :




'દિવસે દેખાતો તારો છું,
સૌને તેજ આપું છું.
મારા આવવાથી સવાર થાય,
અંધારું મારાથી દૂર ભાગી જાય.'

હા... સૂરજ એક તારો છે. બીજા તારા કરતાં સૂરજ આપણી વધારે નજીક છે, એટલે જ સૂરજ મોટો દેખાય છે.

### વિચારો અને કહો :

- તમે દિવસે તારો જોયો છે ?
- રાતે આકાશમાં શું-શું દેખાય છે ?
  તમે કહેશો ચાંદામામા અને તારા...
- તમે દિવસે ચાંદામામા જોયા છે ?
  વિચારો... વિચારો.

### કોયડો :



''રાતે હું દેખાઉં છું.
સૌને ઠંડક આપું છું.
મારી કળા તો રોજ બદલાય,
તારલિયા મારા સાથી કહેવાય.''


હા... ચાંદામામા ક્યારેક-ક્યારેક સાંજના સમયે પણ આકાશમાં દેખાય છે. ક્યારેક નાના – ક્યારેક મોટા. ચાંદામામા સૌના મામા કહેવાય છે.

વાચન :



- હું સૂરજ છું. હું અજવાળું ફેલાવું છું.
- મારી હાજરી ન હોય, તો રોગચાળો ફેલાય.
- મારા વગર અનાજ, ફળ કે શાકભાજી ઊગી ન શકે.
- હું તમારી નજીકનો તારો છું. હું દિવસે હોઉં છું.
- અનેક લોકો મારી પૂજા-ઉપાસના કરે છે.

- હું ચંદ્ર છું. હું રાત્રે દેખાઉં છું.
- મારા લીધે જ અજવાળિયું-અંધારિયું થાય.
- મારા દેખાવાથી ઘણા તહેવારો ઊજવાય.
- દરિયામાં મારા કારણે પાણીની ભરતી કે ઓટ આવે.
- હું પૃથ્વીનો ઉપગ્રહ છું.





- હું તારો છું. ટમટમ થાઉં છું.
- હું ઝગમગ થાઉં છું. ક્યારેક અલોપ થતો દેખાઉં છું.
- હું જુદા-જુદા રંગનો જોવા મળું છું.
- અંધારામાં મારી મદદથી દિશા જાણી શકાય છે.
- હું તમારાથી ઘણે દૂર આવેલો છું, તેથી તમને નાનો દેખાઉં છું.

## ખરું કહેવાય :

- ધ્રુવનો તારો આકાશમાં હંમેશાં ઉત્તર દિશામાં દેખાય છે.
- આકાશદર્શન કરવાની મજા પડે છે. આકાશમાં વિવિધ પ્રકારના તારાનાં ઝૂમખાં દેખાય છે, તારાઓના સમૂહને વિવિધ નામ આપેલાં છે.

## લખો :



| | | | |
|---|---|---|---|
| તહેવાર | | | |
| ઉત્સવ | | | |
| અન્ય | | | |

## ખરું કહેવાય :

સૂરજ મકર રાશિમાં પ્રવેશ કરે છે. તેને મકરસંક્રાંતિ કહેવાય છે. ઉત્તરાયણની આ ઋતુમાં તૈલી પદાર્થો ખાવા લાભકારક છે. ઉત્તરાયણમાં એટલે જ તલસાંકળી ખવાય છે. ઉત્તરાયણનો તહેવાર વિવિધ ધર્મના લોકો ઊજવે છે.

## વાચન : વિચારો અને કહો :

એક મજાની વાત છે. હરભજનસિંહ રોજ સાંજે ચાલવા જાય. ઑફિસેથી પરત આવી ચાલવા જવું તેમનો નિયમ. અંધારું થાય ત્યાં સુધી ચાલવું. આજે જૂન મહિનાની એકવીસમી તારીખ હતી. રોજ કરતાં બે કિલોમીટર વધુ આગળ પહોંચી ગયા. આવું કેમ થયું ?

## વિચારો અને લખો :

- બપોરે બે કલાક સૂરજ આથમી જાય તો ?

- સૂરજ ઉપરાંત બીજા તારા પણ દિવસે દેખાય તો ?

- રાત્રે અંધારામાં ઓચિંતો સૂરજ ઊગી જાય તો ?

- સૂરજ, ચંદ્ર અને તારા અલોપ થઈ જાય તો ?

# કેટલું શીખ્યા ? - ૨

## વર્ગખંડની રમત :

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ અ | ક | સ્મા | ૨ ત | | ૩ | |
| | | | | | | |
| | | | ૪ | ૫ | | ૬ |
| | | ૭ | | ૮ | | |
| | | ૯ | | | | |
| | | | | ૧૦ | | ૧૧ |
| | | | | | | |

**આડી ચાવી :**

૧. રોડ ઉપર દોડધામ કરવાથી ...... થાય. (૪)

૩. વિવિધ તાલુકાથી એક ...... બને. (૨)

૪. પાંદડાનો રંગ ...... હોય છે. (૨)

૮. મીઠા અવાજે બોલતું પક્ષી. ...... (૩)

૯. અનાજ માટે વપરાતો શબ્દ. ...... (૨)

**ઊભી ચાવી :**

૧. ચંદ્રની કળા વધતી દેખાય, તે દિવસોને ...... કહેવાય. (૫)

૨. રસોડામાંનું સાધન ...... (૩)

૫. દરેક ગામમાં ......નું જીવન જુદું-જુદું હોય છે.

૬. પોપટની ચાંચનો રંગ ...... (૨)


૭. સૂરજ ન હોય ત્યારે ...... થાય. (૩)

૧૦. ......ની કળા રોજ બદલાય છે. (૨)

૧૧. સૂરજ ...... દિશામાં ઊગે છે. (૨)

## રંગ પૂરો :

- નીચેનાં ચિત્રોમાં □માં રંગ પૂરો :
  - ખાઈ શકાય તેવી વસ્તુમાં
  - આકાશમાં દેખાય તે ચિત્રોમાં
  - પ્રાણીનાં ચિત્રોમાં



## વિચારો અને કહો :

- કેવા સંજોગોમાં અકસ્માત થઈ શકે છે ?

- અકસ્માત થાય ત્યારે શું કરવું જોઈએ ?

- ચંદ્રની કળા આખી ક્યારે દેખાય છે ?

- ખોરાકમાં શું-શું લઈ શકાય છે ?

- તમારા ગામની આસપાસ ક્યાં-ક્યાં ગામ છે ?

- આકાશમાં રાત્રે શું-શું દેખાય છે ?

- કઈ વનસ્પતિનાં પાન ખાઈ શકાય છે ?

- કઈ-કઈ વનસ્પતિ ઔષધ-દવા તરીકે વપરાય છે ?

**અવનવું**

- છેલ્લે ઈ. સ. ૧૯૮૬માં હેલીનો ધૂમકેતુ પૃથ્વીની ખૂબ નજીકથી પસાર થયો. દર ૭૬ વર્ષે હેલીનો ધૂમકેતુ પૃથ્વી પરથી દેખાય છે.
- ગુરુના ગ્રહને ૩૯થી પણ વધુ ઉપગ્રહો છે.
- આપણા બ્રહ્માંડમાં શનિ અને યુરેનસ આ બન્ને ગ્રહોની ફરતે વલયો આવેલા છે.
- શનિનો ગ્રહ ૩૦ ઉપગ્રહો ધરાવે છે.